# ખેડબ્રહ્માની દેલવાડા પંચાયતની આખીય મહિલા ટીમ સમરસ થઈ



હિંમતનગર, તા.૧૫

આમ તો મહીલાઓ ને પચાસ ટકા સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં આપવાની સરકારે પહેલ તો કરી છે પણ સાબરકાંઠાનુ એક ગામ એવુ છે કે તે નાનકડા ગામના લોકો એ મહીલાઓ ને ૧૦૦ ટકા બીનહરીફ જ ચુંટી કાઢીને ગામનો વહીવટ સોંપવામાં આવ્યો છે.સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાનું દેલવાડા આમ તો આ ગામ નાનકડુ છે ગામની વસ્તી માંડ ત્રણ આંકડાની છે પણ ગામની માનસીકતા અનેક ગણી મોટી કહી શકાય એવી છે, કારણ કે આ નાનકડા ગામે મોટુ ઉદાહરણ પુરુ પાડ્યુ છે ગામના લોકોએ ગામની મહીલાઓને જ ચુંટી કાઢી છે અને ગામના વહીવટને મહીલાઓના હાથમાં સોંપ્યો છે, ગામમાં કુલ આઠ વોર્ડ છે અને એક સરપંચ આમ તમામ બેઠકો પર મહીલાઓને બીનહરીફ જ ચુંટી નિકાળી છે.

આ અંગે ચૂંટાયેલા સ્નાતક થયેલ મહિલા મોનીકાબેન પટેલે જણાવેલ કે અમને ગામે એક તક આપી છે અને આ તકને સફળ પુરવાર કરી દેખાડીશું તો બીજી તરફ ૧૨ પાસ મહિલા સરપંચ પ્રીતીબેન પટેલે જણાવેલ કે અમને ગામના લોકોએ મહીલાઓમાં વિશ્વાસ રાખીને બીનહરીફ ચુંટી નિકાળ્યાછે તે અમારામાં મુકેલા વિશ્વાસને સફળ બનાવી શુ અને વધુ પાંચ વર્ષ પણ આવતી ચુંટણીમાં જીત અપાવે તેવો પ્રયાસ કરીશુ.

ચુંટાયેલી તમામ મહીલાઓ સુસાશન નો અહેસાસ કરાવશે, તો વળી ગ્રામ પંચાયતને પણ સમરસ થતા વિકાસના કામો માટે ત્રણ લાખ રૂપિયા અને એમાંય ખાસ કરીને મહીલા સભ્યોને લઈને સરકાર તરફથી પણ વિષેશ પ્રોત્સાહન રુપે પાંચ લાખ રૂપિયાની ગ્રાંટ મળતી હોય છે આમ આઠેક લાખ રૂપિયાની ગ્રાન્ટ મળશે અને જેને લઈને ગ્રામના વિકાસમાં પણ આર્થીક સધ્ધરતા વધશે.

આ અંગે ખેડબ્રહ્મા તાલુકાના મામલતદાર લાલજીભાઈ અસારીએ જણાવેલ કે ખેડબ્રહ્મા તાલુકાના દેલવાડા ગામની ગ્રામ પંચાયત સમરસ જાહેર કરાઈ છે અને તે તમામ બેઠકો પર મહીલાઓ બીનહરીફ થઈ છે તેમની સામે કોઈ ઉમેદવારી નહી નોંધાતા તેમને બીનહરીફ સમરસ જાહેર કરવામાં આવ્યા છે. મહીલાઓના આત્મવિશ્વાસ અને ઉત્સાહ જરૂર ગામના વિકાસને સફળ બનાવશે.

# અરવલ્લીમાં ૧૦થી ૨૦ ટકા વ્યાજે રૂપિયા આપતા વ્યાજખોરો બેફામ

## મોડાસા, બાયડ, મેઘરજમાં ચોપડી પ્રથાથી ગરીબોનુ લોહી ચૂસનારા વધ્યા : વ્યાજખોરો શાકભાજી, ફ્રુટની લારી અને પથારાવાળાઓની મજબુરીનો લાભ ઉઠાવી રહ્યા છે

અરવલ્લી, તા. ૧૫

નોટબંધીના લીધે કાળુ નાણુ બહાર આવતા આવશે પરંતુ અરવલ્લી જિલ્લામાં મુખ્યત્વે



મોડાસા, બાયડ,. મેઘરજ, ધનસુરામાં હાલ તો પથારાવાળા અને શાકભાજી, ફ્રુટની લારીવાળાઓ અને છૂટક ધંધાદારીઓની પરસેવાની અને કાળી મહેનતની કમાણીને વ્યાજખોરો લોહીચૂસકની જેમ ચૂસી રહ્યા છે.

નોટબંધી અમલી બની ત્યારથી જ ગરીબ અને રોજનું કમાઈને રોજ ખાનારા પર જાણે પસ્તાળ પડી છે. એક તો ધંધો કર્યા વિના ચાલે નહિ અને ધંધો ચલાવવા માટે ૫૦૦-૧૦૦૦ રૂ.ની નોટો બંધ થતા ચોપડી ચલાવનારાઓ પાસેથી કમરતોડ વ્યાજે નાણા લેવા પડી રહ્યા છે. ચોપડી પ્રથા અને ડાયરી હિસાબ વ્યાજખોરી ચલાવનારાઓએ પણ આ કપરી પરિસ્થિતિનો ગેરલાભ ઉઠાવીને વ્યાજના દર વધારી દિધા છે. અગાઉ જે ચોપડી ચલાવનારાઓ ૫ થી ૧૦ ટકા વ્યાજ ખંખેરતા હતા તેમણે વ્યાજનો દર હવે ૧૫ થી ૨૦ ટકા કરી દીધો છે. રોજ રોજ હપ્તા ચૂકવતાં પથારાવાળા અને શાકભાજી અને ફ્રુટની લારીઓ વાળા અને છૂટક વેપાર કરતા ફેરીયાઓ માટે આ વ્યાજ દર અસહ્ય હોવા છતાં પણ નાણા લીધા વિના છૂટકો નથી વળી, રોજનો નિર્ધારીત હપ્તો ચૂકવવામાં જો ચૂક થાય તો બીજા દિવસે બે દિવસનો સાથે એક દિવસનો વધારાનો હપ્તો પેનલ્ટી ચૂકવવી પડે છે. જેના લીધે ગરીબોએ લગભગ અડધો અડધ રોજની કમાણી વ્યાજખોર લોહીચૂષકોને ચરણે ધરી દેવી પડે છે.

## અરવલ્લીમાં વ્યાજખોરો અને રોજનું ધિરાણ કરતા સામે કાર્યવાહીની માંગ

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર મોડાસા શહેરના મુખ્યમાર્ગો, નવજીવન ચોક અને શાકમાર્કેટમાં લારીઓવાળાને વ્યાજખોરો રૂ. ૫૦૦૦થી રૂ. ૨૦૦૦૦ સુધીનુ ધિરાણ આપવા રોજ આંટાફેરા મારતા જોવા મળે છે. ઉંચા વ્યાજ સાથે છૂટક શાકભાજી તેમજ ફળફળાદિ વેચનારાઓને મોટી અને નાની રકમ ધીરનારાઓ પાસે રૂ. ૫૦૦ અને રૂ. ૨૦૦૦ની નવી નોટ સાથે જોવા મળે છે. પ્રશ્ન એ છે કે લોકોને રૂ. ૨૦૦૦ મેળવવા માટે કલાકો સુધી એટીએમ અને બેંકોમાં લાઈનોમાં ઉભા રહે છે. ત્યા રોજ સવારે આ વ્યાજખોરો પાસે વ્યાજે આપતા રૂપિયાની નવી નક્કોર નોટો ક્યાંથી આવે છે ? આ તમામ પર પોલીસતંત્રની નજર કેમ નથી ? આ વ્યાજખોરોના લીધે અરવલ્લી જિલ્લામાં અગાઉ ઘરેથી ઘુમ થઈ જવાના અને આત્મહત્યા કરી હોય તેવા લેણદારોની કેટલીય ઘટનાઓ બની છે. ત્યારે આ વ્યાજખોરોને પણ પોલીસતંત્ર સાણસામાં લે અને ઘનિષ્ઠ પૂછપરછ હાથ ધરે તો ઘણા ગરીબ લોકો અને જરૂરીયાતમંદ વાળા લોકોને લુંટતા વ્યાજખોરોના ચહેરા બહાર આવે.

# અરવલ્લીમાં ચાર તાલુકાની ૧૩ પંચાયતોના સરપંચો - વોર્ડ સભ્યો સાથે સમરસ

## મોડાસાના કિશોરપુરા પંચાયત અને સરપંચ સતત ચોથીવાર સમરસ : રાજાપુરમાં મહિલા સરપંચ સમરસ

મોડાસા, તા. ૧૫

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં અરવલ્લી જિલ્લામાં આજે ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે ચિત્ર સ્પષ્ટ બનતા જિલ્લાના ચાર તાલુકાઓ ૧૩ સરપંચો વોર્ડ સભ્યો સાથે સમરસ બન્યા છે. જ્યારે બાકીની પંચાયતોની ચૂંટણી આગામી તા. ૨૭મીએ મુકરર કાર્યક્રમ મુજબ યોજાશે.

જેમાં મોડાસા તાલુકાના કિશોરપુરા ગામની પંચાયત અને સરપંચ સતત ચોથીવાર સમરસ બનતાં કિશોરપુરા સમરસ સરપંચપદે શંકરભાઈ શામળભાઈ પટેલ અને ૬ વોર્ડના સભ્યો પણ બિનહરીફ સમરસ ચૂંટાઈ આવ્યા છે જ્યારે બે વોર્ડ ખાલી છે.

જ્યારે મોડાસાના સજાપુરની મહિલા અનામત સરપંચની બેઠક પણ સમરસ થઈ છે અને સાત વોર્ડ સભ્યો પણ સમરસ થયા છે. જેમાં સજાપુર પંચાયતમાં મહિલા સરપંચપદે શાંતાબેન જેસીંગભાઈ પટેલ સમરસ સરપંચ બન્યા છે. જ્યારે સજાપુરમાં એક વોર્ડ આદિજાતિ માટે અનામત બેઠકની ખાલી છે.

જ્યારે ભિલોડા તાલુકામાં ત્રણ ગ્રામ પંચાયતો આજે સમરસ બની છે. જેમાં જિલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહના ગામ કુશ્કી તા. ભિલોડાની પંચાયત પણ સમરસ બની છે. જેના સમરસ સરપંચ તરીકે શૈલેષભાઈ મંગુભાઈ ગરાસિયા બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. જ્યારે આ પંચાયતના તમામ આઠ વોર્ડ પણ



જિલ્લા ભાજપના પ્રમુખના પ્રયાસોથી સમરસ થયાં છે.

આ ઉપરાંત ભિલોડા તાલુકાના રામપુરી પંચાયતના સરપંચ શિલાબેન વિરજીભાઈ તબીયાડ અને ૮ વોર્ડ સભ્યો પણ સમરસ થયા છે જ્યારે આ તાલુકાના વેણપુરની પંચાયતના સરપંચ લક્ષ્મણભાઈ કટારા આઠ વોર્ડ સાથે સમરસ થયા છે આમ, ભિલોડા તાલુકામાં ત્રણ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ છે.

આ ઉપરાંત મેઘરજના ઈસરી ગ્રામ પંચાયતના સરપંચ મુકેશભાઈ અળખાભાઈ ચમાર ૯ વોર્ડ સભ્યો સાથે સમરસ થતા આ પંચાયત પણ સમરસ થઈ છે. આ તાલુકાની તરકવાડા ગ્રામ પંચાયતમાં ઈલાબેન નાનજીભાઈ અસારી સરપંચ પદે સમરસ અને ૮ વોર્ડ સભ્યો પણ સમરસ થતાં આ પંચાયત પણ સમરસ થઈ છે.

જિલ્લા ભાજપના મહામંત્રી શામળભાઈ પટેલના જણાવ્યા મુજબ જિલ્લામાં સૌથી વધુ બાયડ તાલુકામાં ૬ ગ્રામ પંચાયતો સમરસ થઈ છે. જેમાં બાદરપુરામાં સરપંચ પટેલ ચેતનાબેન રાજેશભાઈ સહિત આઠ વોર્ડ સભ્યો બિનહરીફ ચૂંટાયા છે. જ્યારે અહેમદપુરામાં નટવરભાઈ હંસરાજભાઈ પટેલ આઠ વોર્ડ સભ્યો સાથે બિનહરીફ ચૂંટાઈ આવતાં આ પંચાયત પણ સમરસ થઈ છે. જ્યારે અમરગઢ પંચાયતમાં સરપંચના ઉમેદવાર પરમાર કાનસિંહ અમરસિંહ અને આઠ વોર્ડ સભ્યો બિનહરીફ થતાં આ પંચાયત પણ સમરસ થઈ છે. જ્યારે સીમલજમાં પગી રમાબેન બાબુભાઈ સરપંચ પદે ૧૦ વોર્ડ સભ્યો સાથે બિનહરીફ થતાં આ પંચાયત પણ સમરસ થઈ છે. જ્યારે રહેચીમાં સુધાબેન ભરતભાઈ પટેલ આઠ વોર્ડ સભ્યો સાથે બિનહરીફ ચૂંટાઈ આવતાં આ પંચાયત પણ સમરસ થી છે અને વાંટડા(બાયડ) ગ્રામ પંચાયતમાં સરપંચના ઉમેદવાર મુકેશભાઈ પરબતભાઈ ઝાલા પંચાયતના તમામ વોર્ડ સાથે બિનહરીફ થતાં આ પંચાયત પણ સમરસ થઈ છે આમ, અરવલ્લી જિલ્લામાં ચાર તાલુકામાં થઈ ૧૩ ગ્રામ પંચાયતો સમરસ થતાં સ્થાનિકોમાં ખુશીનો માહોલ સર્જાયો છે.

## દાંતીવાડાની ચોડુંગરી ગ્રામ પંચાયત સમરસ જાહેર

દાંતીવાડા, તા.૧૫

દાંતીવાડા તાલુકામાં છેલ્લા કેટલાય સમયથી સરપંચની ચૂંટણીનો માહોલ જામ્યો છે તેમજ આ વખતે દાંતીવાડા તાલુકામાં કુલ ૧૭ પંચાયતોની ચૂંટણી યોજાયેલ છે જેમાં ફોર્મ પાછાં ખેંચવાની છેલ્લી તારીખ ૧૪/૧૨/૨૦૧૬ ના રોજ ૧૭ ગ્રામ પંચાયતો માંથી કુલ ૫ ગ્રામ પંચાયતોની સરપંચની ચૂંટણી સમરસ થવા પામી છે. જેમાં દાંતીવાડા તાલુકામાં આવેલ ચોડુંગરી ગ્રામ પંચાયતની ચૂંટણી સમરસ કરવામાં આવી તેમજ ગ્રામજનો દ્વારા હેમતાભાઈ ફતાભાઈ જેગોડાની સરપંચની સીટ માટે પસંદગી કરી જાતિ-જાતિ વચ્ચેની એકતાનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ પૂરું પાડેલ તેમજ હેમતાભાઈ ફતાભાઈ જેગોડાની સરપંચમાં પસંદગી થતા ગ્રામજનોમાં એક અલગ જ ખુશીનો માહોલ જોવા મળેલ અને આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ નટુભાઈ ચૌધરી, એપીએમસી ચેરમેન હરજીવનભાઈ ભૂતડીયા, નારણભાઈ રબારી, ચૌધરી વાસણ ભંડાર ડાહ્યાભાઈ ચૌધરી, રાણાભાઈ ભાકોદર સરપંચ ઉપસ્થિત રહેલ.

# કાંકરેજ તાલુકાની ૬૦ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં ૧૧ ગ્રામ પંચાયતો સમરસ થઈ, ૬૦૨ ઉમેદવારો મેદાનમાં

કાંકરેજ, તા. ૧૫

કાંકરેજ તાલુકાની ૬૦ ગ્રામ પંચાયતોનું જાહેરનામુ બહાર પડતા રાજકિય કાવાદાવા વચ્ચે એક મહિલા ગ્રામ પંચાયત વાલપુરા સમરસ થવા પામી છે. જ્યારે આકોલી, ડાવાસ, પાદરડી, દેવપુરા, સમણવા, ખારીયા, ડુંગરાસણ, રૂનિ અમરનેસડા, નેકારીયા, ફતેગઢ ગ્રામ પંચાયતો બિનહરિફ થવા પામી છે. સરપંચોની ઉમેદવારી ૧૫૬ તથા સભ્યો ૪૩૭ ચૂંટણીજંગ લડવા મેદાને ઉતર્યા છે.

કુલ ૬૦૨ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે. જોકે પ્રથમ સરપંચના ૩૧૮ અને સભ્યોના ૮૭૭ ફોર્મ ભરાયા હતા. કુલ ૧૧૯૫માંથી સરપંચના ૫ ફોર્મ રદ થયા હતા. જ્યારે સભ્યના ૧૦ એમ કુલ ૧૫ ફોર્મ રદ થયા હતા. જેમાં શિહોરી, ઉંબરી, કંબોઈ, તેરવાડા જેવા મોટા ગામડાઓમાં કાંટાની ટક્કરે ચૂંટણીજંગ ખેલાશે. ઉંબરીમાં ત્રિપાંખીયો જંગ છે. જેમાં બાબુસિંહના ધર્મપત્નિ તેજબા વાઘેલા, મંજુબા વાઘેલા, હરબાઈ પ્રવિણસિંહ વાઘેલાએ ઉમેદવારી નોંધાવતા ત્રિપાંખીયો જંગ ઉંબરીમાં જામ્યો છે. જ્યારે કેબોઈમાં સરપંચ તરીકે ગોપાળસિંહ સવસિંહ પુનઃ ઉમેદવારી નોંધાવી છે. અને





શિહોરીમાં વેપારીઓમાંથી જોષી રજનીબેન જિતેન્દ્રકુમારે ઉમેદવારી નોંધાવી છે. શિહોરી ગામ એ તાલુકાનું મુખ્ય મથક હોવાથી ૧૨ ઉમેદવારો વચ્ચે સરપંચની ચૂંટણી ખેલાશે ત્યારે સમગ્ર કાંકરેજ તાલુકામાંથી ૪૯ ગ્રામ પંચાયતોમાં મતદાન યોજાશે. અત્યારે ચૂંટણી લડતા ઉમેદવારો પોતપોતાના નિશાનો લઈ બેલેટ પેપર છપાવવાની તૈયારીમાં લાગી ગયા છે તો ક્યાંક ચૂંટણી પ્રચારમાં રાવણા રમુંજમાં મસ્ત ઉમેદવારો નજરે પડે છે. આમ કાંકરેજની ગ્રા.પં.ની ચૂંટણીમાં ૬૦૨ ઉમેદવારો ચૂંટણી લડશે તેવું બી.એસ. સોલંકી નાયબ મામલતદાર ચૂંટણી કાંકરેજે જણાવ્યું હતું.

## પાલનપુરમાં બાળ ઉર્જા સંરક્ષણ દિન ની ઉજવણી : વીજ બચત રેલી

પાલનપુર ખાતે ૧૪મી ડિસેમ્બરે બાળ ઉર્જા સંરક્ષણ દિનની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી વીજ બચત નો સંદેશો લઈને જીઈબી કર્મચારીઓની સાથે શાળાના વિધાર્થીઓંએ શહેરના માર્ગો ઉપર વિવિધ બેનરો સાથે વિશાળ રેલી કાઢી

ગુજરાત સરકારના જીઈબી વિભાગ ધ્વરા ૧૪મી ડિસેમ્બરના રોજ ઉર્જા સંરક્ષણ દિન મનાવવામાં આવે છે આજે પાલનપુર ખાતે ગાંધીનગર જેડા, જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, બનાસ ગ્રામ વિકાસ કેન્દ્ર, જીઈબીના કર્મચારીઓ પાલનપુરની ૧૦ જેટલી શાળાના ૨૫૦ જેટલા વિધાર્થીઓ દ્વારા શહેરમાં પાલનપુર હાઈવે પર આવેલ જીઈબીની સર્કલ ઓફિસથી શહેરના મધ્યમાં આવેલ પાતાળેશ્વર મંદિર સુધી હાથમાં વીજ બચતના બેનરો લઈને વિશાળ રેલી નીકાળવામાં આવી હતી.

# સાબરકાંઠા જિલ્લાની ૨૫૬ પંચાયતોમાં સરપંચ માટે ૧૦૭૨ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ

## ૨૪૬૭ વોર્ડ માટે ૪૧૫૬ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે

હિંમતનગર, તા.૧૫

હવે સાબરકાંઠા જીલ્લાની ૨૫૬ ગ્રામ પંચાયતોમાં સરપંચ માટે ૧૦૭૨ અને ૨૪૬૭ વોર્ડ સભ્યો માટે ૪૧૫૬ ઉમેદવારો વચ્ચે ૨૭મી ડિસેમ્બરે યોજાનારી છે.ત્યારે ગ્રામ પંચાયતોની ચૂંટણીઓમાં ભરાયેલા ફોર્મ પરત ખેંચવાના બુધવારે છેલ્લા દિવસે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બન્યું છે. જેમાં સાબરકાંઠા જિલ્લામાં ૪૩૮ સરપંચ અને ૬૧૯ વોર્ડ બેઠકો ઉપરથી ફોર્મ પરત ખેંચાતાં ૨૭ પંચાયત સમરસ બની છે. તેમજ ૩ તાલુકાના ૧૧ સરપંચ જયારે ૭ તાલુકાના ૩૯ વોર્ડના સભ્યો બિનહરીફ બન્યા છે.આ સાથે જ હવે ગ્રામ્ય વિસ્તારમાં ચૂંટણી પ્રચારમાં ગરમાવો આવી જશે.

જિલ્લાની ૨૮૩ ગ્રામ પંચાયતમાં સરપંચ બેઠક માટે ૧૫૪૮ અને ૨૫૦૬ વોર્ડ બેઠક માટે ૪૯૩૭ ફોર્મ ભરાયા હતા. મંગળવારે ફોર્મ ચકાસણી દરમિયાન સરપંચ બેઠકના ૩૮ અને વોર્ડ બેઠકના કુલ ૧૬૨ ફોર્મ રદ થયા હતા.બુધવારે ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે સરપંચ બેઠક માટેના ૪૩૮ ફોર્મ અને વોર્ડ બેઠકના ૬૧૯ ફોર્મ પરત ખેંચાયા હતા.જેને કારણે જિલ્લાની ૨૭ પંચાયત સમરસ બની છે.હવે જિલ્લાની ૨૫૬ ગ્રામ પંચાયતોમાં સરપંચ માટે ૧૦૭૨ અને ૨૪૬૭ વોર્ડ સભ્યો માટે ૪૧૫૬ ઉમેદવારો વચ્ચે ચુંટણી જંગ ખેલાશે.તો બીજી તરફ ૭ તાલુકાના ૩૯ વોર્ડ સભ્યો પણ બિનહરીફ થયા છે.આ સિવાય, હિંમતનગર તાલુકાના ૩, ઈડર તાલુકાના ૭ અને વડાલી તાલુકાના ૧ સરપંચ બિનહરીફ વિજેતા જાહેર કરાયા છે.જેને લઈ આ ગામોમાં ઉમેદવારોમાં ટેકેદારોમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું અને જે તે ગામોએ બિનહરીફ જાહેર થયેલા સરપંચો અને સભ્યોના સરઘસ કાઢી અબીલ ગુલાલ ઉડાડી ખુશી વ્યક્ત કરાઈ હતી. બીજીબાજુ જ્યાં ચૂંટણી થનાર છે ત્યાં રાજકીય ગરમાવો આવ્યો છે.

# પાલનપુરમાં ખેતી પાક પર રેલ્વે તંત્ર એ જેસીબી ફેરવી દેતા ખેડૂત પરિવાર લાચાર

પાલનપુર, તા.૧૫

રેલવે મંત્રાલય વિભાગ દ્વારા થોડાક સમય આગાઉ રેલવે કોરી ડોર યોજના માટે ખેડૂતોની ખેતીલાયક જમીન પર સંપાદન કરી સરકારી વળતર આપવાની ખેડુતોને જાહેરાત કરી હતી.

જો કે ખેડૂતોએ પોતાની જમીન માટે સરકારી વળતરનો વિરોધ કરી ન્યાય માટે નામદાર હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા હતા. હાલમાં પાલનપુર પંથકના ખેડૂતો રેલવે કોરી ડોર યોજનામાં ખેતીલાયક જમીન માટે હાઈકાર્ટમાં લડત આપી રહ્યા છે પરંતુ આજે પાલનપુર આબુ હાઈવે પર રેલવે વિભાગની ટીમે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે પહોંચી ખેડૂતોની જમીન પર કબ્જો મેળવી લીધો હતો અને ખેતરમાં તૈયાર થયેલા ઉભા પાક પર જેસીબી મશીન ફેરવી દેતા ખેડૂત પરિવાર પર આભ તૂટી પડેયું હતું. ખેડૂત પરિવાર એ મહેનતથી પકવેલા પાકને લેવા માટે રેલવે અધિકારી પાસે રડતી આંખે આજીજી કરી હતી પરંતુ રેલવે અધિકારીઓ મસ ના ટસ નહિ થયા અને ખેતરના ઉભા પાક જેસીબી મશીન ફેરવી ખેડૂતને ખેતીના પાક લાખો રૂપિયા નુકશાન



કરી દીધું હતું. સોનાના ભાવની જમીન રેલવે વિભાગને આપતા તેટલું દુઃખ નહિ થયું જેટલું દુઃખ ખેતરમાં ઉભા પાક પર જેસીબી ફરતા જોઈને ખેડૂત પરિવારને થયું હતું.

ખેડૂત પરિવારના આંખમાં ચોધાર આંસુને જોઈને આસપાસ ના લોકો પણ રડી પડયા હતા. માનજીભાઈ પટેલે જણાવ્યું હતું કે કોઈ પણ પ્રકારની રેલવે વિભાગે જાણ કર્યા વગર હિટલર શાહીની જેમ વર્તન કરી અમારા એરંડા અને વરિયાળી જેવા તૈયાર થયેલા ઉભા પાક પર જેસીબી ફેરવી દેતા અમને ૧૦ લાખથી વધુ રૂપિયાનું નુકશાન થયું છે જયારે ખેડૂતનો સખત મહેનતનો પરસેવો તેના લોહીમાં ભળી જાય છે ત્યારે ખેતીનો પાક તૈયાર થાય છે એવામાં રેલવે વિભાગે કોરી ડોર યોજના માટે ખેડૂતો પાસેથી કિમંતી જમીન તો છીનવી લીધી પરંતુ પોતાની જમીનમાં તૈયાર કરેલ ખેતીના પાકને પણ ખેડૂતના મોઢામાંથી છીનવી લેતા પાલનપુર પંથકના ખેડૂતોમાં રોષની લાગણી વ્યાપી હતી.

## ઇ-ટ્રાન્ઝેક્શન કરનાર વિભાગ કચેરીને પ્રોત્સાહિત કરાશે

મહેસાણા, તા. ૧૫

મહેસાણા જિલ્લામાં લોકો ઈ-ટ્રાન્ઝેકશનથી વ્યવહાર કરતા થાય તે માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પ્રયાસો થઈ રહ્યા છે. જિલ્લા કલેક્ટર આલોક કુમારના અધ્યક્ષ સ્થાને જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટર આલોક કુમારે જણાવ્યું હતું કે જિલ્લામાં વિવિધ વિભાગ કચેરી હસ્તકનો વ્યવહાર ઈ-ટ્રાન્ઝેકશનથી કરવામાં આવે. જિલ્લામાં આ પ્રકારનો સૌથી વધુ ઈ-ટ્રાન્ઝેક્શન કરનાર વિભાગ કે કચેરીને પ્રોત્સાહિત પણ કરવામાં આવનાર છે.

જિલ્લામાં ૮૪૭થી વધુ પીઓએસ મશીન કાર્યરત છે. જિલ્લામાં ૬૪૨થી પણ વધુ કેમ્પો યોજી બચત ખાતાઓ ખોલવામાં આવ્યા છે. જિલ્લામાં પ્રધાનમંત્રી જનધન યોજના અન્વયે ૧,૮૯,૦૦૦ રૂપે કાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ છે. આ ઉપરાંત જિલ્લામાં ૪૫ હજારથી વધુ યુ-વીન કાર્ડને ઈ-ટ્રાન્ઝેકશનથી જોડવા અપીલ કરાઈ હતી.